અશો જરથુસ્ત્ર સાહેબની જીંદગીનો ટુંક અહવાલ.

આજના પવિત્ર અને નેક રોજે વાંચવા લાયક કીસ્સો.

જરથુસ્ત્ર સાહેબનાં નેક ફરમાનો.

(લખનાર:—શા. હો. ઝાબવાલા.)

ચોથી આવૃતી.

રાજ ગોકળદાસ નેણશીએ "ઈન્ડીયન નેશનલ" પ્રીન્ટીંગ વર્કસમાં છાપ્યું.
૩૦૬, બારાબજાર કોટ મુંબઈ.

મી૦ શા. હો. ઝાબવાલાએ સ્ટાર બીલ્ડીંગ, ગ્રાંટરોડ.
મુંબઈ મધે પ્રગટ કર્યું છે.

[illegible]થી આવૃત્તિનો દીબાચો.

અશો ઝરથુસ્ત્ર સાહેબની જીંદગીના અહવાલો ઘણાક બાહેર પડયા છે; પણ તે સઉ મોટાં પુસ્તકોમાં છપાયા છે તેમજ કોઇ ફીલસુફીની રાહે તો કોઇ ધર્માભ્યાસની રાહે લખવામાં આવ્યા છે. એવાં પુસ્તકો આપણામાં ટુંક અહવાલો અને ઇતીહાસીક રૂપે લખાયલા અહવાલો કરતાં વધારે સામાન્ય થઇ પડતાં નથી. આજે તો ધર્મ અને નીતીના બાબદો પણ ટુંકમાં ઘડી ચપકો જોઇ લેવા સારૂં સઉ તઇયાર થશે. એવો વર્ગ વધતો જાય તેને પહોંચી વળવાની આ અદના લેખકની ઉમેદ છે.

જ્યાં "આજ" કરીને શબ્દ વાંચવામાં આવે ત્યાં દીસાનો દિવસ સમજવો કારણ કે આ ચોપાન્યું તે દિવસને માટે છપાવવામાં આવ્યું છે.

૧૬-૬-૧૯[illegible]

કરતા.

સ્ટાર બીલ્ડીંગ, ગ્રાન્ટરોડ,

ઝરથુસ્ત્ર સાહેબનાં માંતપિતાને આગાહી.

મીડીઆમાં આવેલાં રય શહેરમાં ઘણાંક વર્ષની વ.તપર એક બહુ નેક અને પવીત્ર જોડું રહેતું હતું. પુરૂષનું નામ પઉરૂષસ્પ હતું અને બાનુનું નામ દોગદો કરીને હતું. પઉરૂષસ્પ પોતાની નેક ખસ્લતની જીંદગી ગુજારવા માટે જાણીતો હતો, જ્યારે તેની ધણીયાણી તેટલીજ ભકતીભાવવાળી હતી. બંને હતાં તો સુખી પણ તેમને પેટે એકબી બચ્ચું હતું નહીં તેથી માબાપને સંતાપ થતો અને ઇચ્છતાં કે અમારે પેટે એક દીકરો અવતરે કે જે આવીને ખુદાનો કાયદો આ દુન્યાને સમજાવે કે જ્યાં મુર્તીપુંજા જાયજ હતી અને તેઓ એમ ધારતાં હતાં કે તે બાળકનાં આવ્યાથી દુન્યાના પાપો ધોવાશે. એક વખતે પઉરૂષસ્પ જ્યારે ભકતીની અંદર મશગુલ હતો ત્યારે એક યઝદ તેની હાજરીમાં આવી ઉભો અને તેને હઓમ્નાં પાણીનું એક પ્યાલું આપ્યું, તેણે તે પીધું પછી યઝદે તેને જણાવ્યું કે હવે તારે પેટે એક નેક તોખમનું બાળક અવતરશે. એ રીતે એક રાત્રે દોગદોને એક ભયંકર સ્પનો આવ્યો પણ તેમાંથી પરવરદેગારની મહેરથી ખુશાલીમાંજ પરીણામ આવ્યું: તે શું સ્વપ્નો હતો ?

દોગદોનો ખાબ.

આસમાનપર તેણીએ જોયું તો માલુમ પડ્યું કે એક કાળું સીયાહ વાદળું હતું તેણે ગોયા સુરજનેબી ઢાંકી દીધો હતો. દોગદો થરથર ધ્રુજવા લાગી. આ વાદળાંમાંથી તરેહવાર ફાડી ખાનારાં જાનવરોએ દેખાવ દીધો. દાખલા તરીકે વાઘ, વરૂ, ચીત્તાઓ, ગરૂડ પક્ષી વીગેરે અને તેમના વચ્ચે ઉભેલો હતો શયતાન. શયતાન દોગદોના ખોળા તરફ દોડયો અને એક સુંદર હસમુખું બચ્ચું જે ત્યાં હતું તેને ત્રાપ મારીને છીનવી લીધું. બચ્ચું રડતું નથી કે ડરતું

નથી પણ ખડખડ હસે છે. દોગદો શયતાન પાસેથી બચ્ચું ખેંચી લેવા કરે છે, પણ નહીં–તેણી ઉંઘમાં મશગુલ થઇને બેફામ પડે છે. ધ્રુજતી તેણી ઉઠી તો જોયું કે બચ્ચું તેની છાતીએ વળગેલું છે. તરત તે બોલે છે કે ‘ખુદાતાલાની ગેબી શકતીનો શો બાહાર છે! ખુદા મારો રખેવાળ છે. જંગલના જાનવરો કે પક્ષીઓ કે શયતાન મને હયરાન કરી શકશે નહીં. હું તેમને તબાહ કરીશ. હું બીજી વેળાએ આવું ત્યારે ધ્યાન રાખજો. આટલું કહીને બચ્ચું નાબુદ થઇ ગયું. મા ફરીને આસમાન તરફ જુએ છે તો સીયાહ વાદળાંને બદલે આસમાનપર એક મોટો ટેકરો થઇ રહયો છે. તેમાં રોશનીનું એક કીરણ ઝળકે છે અને સઘળાં વાદળાંને વીખેરી નાંખે છે. આ દૈવી રોશનીના મોજામાંથી એક ફીરેસ્તાઇ આકાર દેખાયો. જેના હાથમાં એક જાણે જાદુગરની લાકડી હોય તેવી લાકડી હતી કે જેમાંથી તે ઝળકાટવાળી રોશનીનો મોજો નીકળતો હતો. શયતાન તેમજ જાનવરો અને પક્ષીઓ આ રોશની જોઇને બીહીને નાસી ગયાં. ફકત પેલો ઝળકાટવાળો ચમકારો અને ઝળકાટવાળી લાકડીથી સર્વે દંગ થઇ ગયા.

ફરીને મધુરવાણીમાં પેલું સ્વર્ગીય બચ્ચું બોલે છે; “ માતા ! ધીરજ ધરો ! મને કશી પણ ઇજા થાય નહીં. હું બધાં પર ફત મેળવીશ. ખુદાતાલાની મહેરબાનીનીજ ખાહેશ રાખો. હું તમારે પેટે જન્મીશ. એના બાપના જમાનામાં મારે લીધે આદમજાત તમને આશીર્વાદ આપશે. હું અહુરમઝદની રખવાળી હેઠળ છું એટલે જ્યાં સુધી મારો આ દુન્યાને પહોંચાડવાનો પયગામ પુરો થાય નહીં ત્યાં સુધી મને કશી પણ હાની પહોંચશે નહીં” આટલા સુખનો પછી માતા દોગદો ઉઠી.

માતાપિતાનું નજુમી આગળ જવું.

ફરનાંની સાથે તેણીએ બે હાથ જોડી ખુદાની બંદગી કરી; પછી આ ખાબનો બધો અહેવાલ તેણીએ પોતાના ખાવીંદ આગળ રજુ કીધો અને પછી બંને એક નજુમી આગળ ગયાં કે એ ખાબની તાસીર શી છે? નજુમ દોગદોને બે હાથ જોડીને નમ્યો અને કહેવા લાગ્યો કે "આ તાજુબીભર્યાં બચ્ચાંની માના તું થશે. માણસ જાતના સર્વે દુશમનોને પોતાની ઝલકતી લાકડી વડે તે દૂર કરશે. ખુદાનો તે આ દુન્યામાં સંદેશો લાવશે અને સદીઓ સુધી તેનાં શિક્ષણોથી દુન્યા રાહત પામશે. તેના પેગામનો પાયો "અશોઇ" રહેશે એક મોટો અને નેક તોખમનો શાહનશાહ આવશે કે તેની શીખ માનશે; અને તેનું ડહાપણ કુલ જેહાનમાં ફેલાઇ રહેશે, એવા બેટાની મા! ખુશાલ હોજે! હું જે કહું છું તે ખરૂંજ છે. સેતારા ગવાહી આપે છે. જો કે તે મહાન નરનાં દર્શન કરવાને હું જીવતો રહીશ નહી પણ મારૂં જેબી કાંઇ છે તે હું તેને આપી જાઉં છું.

આટલું સાંભળી લઇને તે નેક જોડાંએ સેતારસેનાશની રૂખસદ લીધી અને દોગદો પોતાનાં બાળકની આમદ માટે બંદગી કરતી રાહ જોતી બેઠી.

ઝરથુસ્ત્ર સાહેબનો જન્મ.

જેમ ઝરથુસ્ત્ર સાહેબનો જન્મનો અઠયામ નજદીક આવતો ગયો તેમ તેવણની માતા કાંઇક અજબ રૂપ ધારણ કરતી ગઇ; તેથી લોકો ગમગીન બન્યાં પણ તેણી શાંત હતી કારણ કે જોયલો ખાબ તેણીને યાદ હતો. એક મધ્યરાત્રે જ્યારે ચંદ્રમા પુર બહારમાં હતો ત્યારે ઝરથુસ્ત્ર સાહેબની આ દુન્યા આમદ થઇ. આવતાંને સાથે તેઓ રડવાને બદલે હસ્યા હતા. તરત ખાબમાં પડવાને બદલે હાથો પહોળા કરીને જાણે ચંદ્રમાને ધરવા જતા હોય તેમ પોતે કરવા

લાગ્યા. આસપાસનાંઓ આ ચાળાથી અજબ થવા લાગ્યાં અને ઓરતો કહેવા લાગી કે જો આવું બચ્ચું અમારે ત્યાં આવે તો કેવું મજાનું! માતા તંદુરસ્ત રહી અને બચ્ચું રડવાને સુવાને બદલે હસવા લાગ્યું.

જાદુગરોનાં કાવત્રાં.

તે જમાનાના જાદુગરો જાણતા હતા કે આ નવાં બાળકનાં માબાપ ઉંચ કુળના છે, પુરૂઉપસ્પ સ્પીતમ કુટુંબનો છે, કે જે પેશદાદીઅન વંશના શાહ ફરીદુનની ઓલાદથી ઉતરી આવેલો છે એટલે તેઓ બ્હીધા કે તેને ત્યાં આવો મોટો છોકરો કયાંથી પેદા પડયો! બાળકનું નામ સ્પીતમ ઝરથુસ્ત્ર રાખવામાં આવ્યું અને જાદુગરો બ્હીધા કે આ બાળક ભવીષ્યમાં રખેને શાહનશાહ થાય. વળી આ તે કેમ હોય કે જન્મતાની સાથે તે હસે! તે લોકોએ ઠરાવ કીધો કે બાળકને ઝબેહ કરવું અને તે માટે કાવતરૂં રચ્યું.

બાળક ઝરથુસ્ત્રપર પડતા હાદેસા.

જાદુગરો અને કાવત્રાંખોરોનો વડો દરાંસરૂન કરીને હતો કે જે દેશનો રાજા હતો અને જો કે ભણેલો હતો છતાં ભુરો હતો. જયારે ઝરથુસ્ત્ર સાહેબના જન્મ વેળાએ ચમત્કારો થતા એણે જોયા ત્યારે એ બીધો કે રખેને સ્પીતમ કુટુંબમાંનો આ નબીરો મારી હાકેમી છીનવી લે એણે બાળક ઝરથુસ્ત્રને મારી નાંખવાનો કસદ કીધો. તરત ઘોડાપર બેસીને ઝરથુસ્ત્ર સાહેબને ઘેર પહોંચી ગયો અને બાળકને ટગર ટગર જોવા લાગ્યો. બાજીગરે જોયું કે આ બાળકમાં અહુરમઝદની રોશની ચળકે છે અને જો એ મોટું થશે તો મારાં જાદુનો નાશ થશે. તે બુમ મારી ઉઠયો કે "એનાં બીછાણામાંથી એને ઉપાડો" એમ બોલીને જેવો તે ખંજર કાઢીને બચ્ચાંનું ધડ જુદું કરવા માંડે છે કે તેનો હાથ સુકાઈ ગયો, તેનું ખંજર સરેઝમીન થયું અને તે ધાસ્તીનો માર્યો ત્યાંથી નાઠો.

પણ તેના મુકાએલોમાં તેણે ઉશકેરણી કીધી અને બધા સાથે જોડાઇ તે બચ્ચાંને ચોરી ગયા અને એકાંત રેતીના રણમાં તેને બાળી નાંખવાની તઇયારી કરવા લાગ્યા. લાકડાના ઢગ જમાવ્યા. કપુર રેડયો, ગંધક નાખ્યો અને આતશ સળગાવ્યો. ઉપર બાળકને મુકયું કે તે હવે નકકી ખાક થઇ જાય. એટલું કરીને એક બદમાશ રાજાને કહેવા દોડયો કે બચ્ચાંનો નાશ કીધો છે અને રાજા ને બાઝગરો ખુશાલ થયા.

શું બાળક ખાક થઇ ગયું ? નહીં. એક ચમત્કાર બન્યો આતશ આગ પકડવાને બદલે ઠંડો થઈ ગયો અને બાળક નીરાંતે ઉપર સુઇ રહ્યું. માતા દોગદો દોડતી આવી અને બાળકને ઉપાડી લીધું, માતા રડતી બોલી કે મારા દીકરા! ખુદાએ તારો બચાવ કીધો કારણ કે તું પવીત્ર અને નેક છે. એજ મુજબ ખુદા જેઓ નેક અને પવીત્ર છે તેમનો બચાવ કરશે.

બીજા હાથપર પેલા દુશ્મનોને ખબર પડી કે ઝરથુસ્ત્રનો બચાવ થયો છે એટલે તેઓએ બીજી બાજી રચી. બાપને તેઓ લાલચ આપી દુર લઇ ગયા અને માતાને ~~નીરાંતવશ કરી~~. ત્યારબાદ તેઓ બચ્ચાંને લઇને ઢોરનાં ટોળામાં ગયા, તેઓએ ત્યાં તેને મુકી દીધું કે ઢોરના પગ તળે દબાઇને બાળક મરી જાય પણ ફરીને એક વધુ ચમત્કાર બન્યો જે એ કે પેલાં ઢોરનો વડો જે આખલો હતો તે તે બાળકને જોઇને ત્યાં ઉભો રહી ગયો અને બચ્ચાંને ચાર પગની વચ્ચે લીધું. બચ્ચું તો ત્યાંજ ઉંઘાઈ રહ્યું. ફરી તે માતા દોડતી આવી અને બચ્ચાંને પાસે લીધું.

જ્યારે દરેક ઠેકાણેથી પોતાને હાર મળી ત્યારે રાજા દરાંસરૂને પોતાની જાદુથી એક એવી જાતનો પ્રવાહી પદાર્થ બનાવ્યો કે તેમાં જો તેઓ પોતાના ડગલાનો છેડો બોળે તો તેઓ નજરે પડી શકે નહીં કારણ કે તેમ કરે તોજ ઝરથુસ્ત્રની માતાને છેતરી શકે.

તેઓએ એક વેળા ફરીને ઝરથુસ્ત્રની ચોરી કીધી અને આ વખતે તો તેઓ નકકી ખાતરી રાખતા હતા કે હવે ઝરથુસ્ત્ર બચશે નહી તેઓએ તેમને લઇ જઇને ઘોડાનાં ટોળામાં નાખ્યા કે તેના પગ તળે દબાઇ મરી જાય. પણ એક સુંદર ઘોડી ત્યાં હતી કે જે તે બાળક ઉપર ચારે પગે રક્ષક બની ઉભી રહી અને જેઓ જાનવર પાસે આવતું તેને લાત મારીને બાજુએ હઠાડતી. આ રીતે જાદુગરો શયતાનની મદદથી પણ બાળક ઝરથુસ્ત્રને મારી શકયા નહિ.

દારૂજેની નીરાશા.

દરાંસરૂની આશાને જબરો ફટકો લાગવાથી તે બહુ ગુસ્સે થયો અને પોતાના ફરમાનબરદારોને હુકમ કીધો કે જો તેઓ બાળકનો વહેલો છેડો નહીં લાવશે તો તેઓપર તે બરખેલાફ થશે. પોતે શેકારી હતો તેથી તેને વરૂઓનો ગુફા કયાં હોય એ માલુમ હતું. પોતાના માણસોને મોકલીને ગુફામાંના વરૂનાં બચ્ચાંઓને કપાવી નાંખ્યા કે જેથી માતા લોહીની વધુ તરસી બને. પછી બાળક ઝરથુસ્ત્રને પકડવાનો હુકમ આપ્યો અને વરૂઓનાં ટોળાં વચ્ચે તેને નાંખ્યો. જેવું બાળક ત્યાં જઈ પડયું કે બીજાં બચ્ચાંઓ માફક રડવું શરૂ કીધું નહીં પણ તે હસ્યું અને પરવરદેગારનાં નામનો પોકાર કીધો. જાણે એથી બધાં વરૂઓ ચેતી ગયાં હોય તેમ તેઓ બચ્ચાંની આસપાસ ગોઠવાઇને બેઠાં ને બાળકનો વાળ વટીક વાંકો કીધો નહિ. માતા દોગદો શીકરમંદ બની ગઇ અને એક ધીમા અને મીઠા સરોદથી દોરવાઇને જ્યાં ઝરથુસ્ત્ર વરૂઓના ટોળાં વચ્ચે હતો ત્યાં જઇને ઉભી રહી. આવો દેખાવ કદીપણ કોઇએ જોયો હોય? માતાનું જીગર ફાટી ગયું અને તેણી દીગમુદ થઇને ઉભી રહી. ફરી તેને પાસામાં લીધો અને આ ફેરા પણ ખુદાતાલાની મહેરબાનીથીજ તેઓ બચી ગયા. તે પરવરદેગારની તેણે બંદગી કીધી અને બાળકને લેતાં એમ લાગ્યું કે જાણે તેને નવોજ જન્મ મળ્યો હોય.

હવે શું કરવું એના વીચારમાં જાદુગરો અને તેમનો સરદાર મશગુલ થઇ ગયા. જંગલ જેહાનમાં એક યોગી રહેતો હતો કે જેની શકતી આ શતરૂઓની શકતી કરતાં પણ વધારે હતી. રાજા તેને જઇને પુછવા લાગ્યો કે શું કરવું? યોગીનું નામ બરતરશ હતું. તેણે માથું ધુણાવ્યું અને કહયું કે "એ બાળકનું મગજ બહુ ઉંચું છે માટે એના શરીરને તુ નુકશાન કરી શકે નહીં. એ તો દુન્યાનો મહાન પયગમ્બર છે, ઓ રાજા! બહુ સાવચેત રહેજે, તારો વખત આવી પુગ્યો છે; તારો રસ્તો સાફ કર! એક રાજા એવો આવશે કે જે નેક અને પવીત્ર હશે અને તે ઝરથુસ્ત્રને બચાવશે. તે ઝરથુસ્ત્રના કલામો કબુલ રાખશે અને આખી દુન્યાપર તેનો ફેલાવો કરશે. તું તે બાળકને મારી નાંખી શકશે નહીં."

રાજા બહુ ગુસ્સે થયો અને પોતાનાં કાવતરાં ચાલુજ રાખ્યાં એટલે ઝરથુસ્ત્રના માબાપને લાગ્યું કે બચ્ચાંને દુસ્મનના પંજામાંથી છોડવવા સાઉ કોઇ ઠેકાણે છુપાવવું પડશે. પહાડમાં દરાંકારૂન નામનો એક નેક જાદુગર રહેતો હતો તે બચ્ચાંને બચાવી શકશે એમ ધારીને આખરે બચ્ચાંને તેને સપુરદ કરવામાં આવ્યું. તેણે સાત વરસ સુધી બચ્ચાંને પાળીને મોટું કરવાનું પોતાને સર લીધું. માબાપે મોટી દીલગીરી વચ્ચે દરાંકારૂનને બચ્ચું સોંપ્યું અને ઝરથુસ્ત્ર ત્યાં ઉછરીને મોટો થવા લાગ્યો.

ઝરથુસ્ત્ર સાહેબ પોતાને વતન પાછા ફરે છે.

જયારે સાત વરસની ઉમર થઇ ત્યારે ઝરથુસ્ત્ર સાહેબને પોતાને વતન પાછા લાવવામાં આવ્યા. જેવી દરાસરૂનને કાને વાત આવી કે ઝરથુસ્ત્ર બાળક જીવતો છે ત્યારે પોતાના જાદુગર બરતરશને જણાવ્યું કે ઝરથુસ્ત્રને જાદુ શીખવવું કે જેથી કરીને દુન્યાને મુકતી આપનારો તે થાય નહીં પણ સામુ જાદુ શીખીને દુન્યાની ગુનાગીરીમાં મદદગાર થાય. જો કે પોતે બાળક હતા છતાં ઝરથુસ્ત્ર

પોતે ચેતી ગયા કે શું બાજી રમવામાં આવે છે. જાદુગરોનાં કાવત્રાંથી તેમનાં શરીરને નુકશાન થયું પણ આત્મા તો સ્વચ્છજ રહ્યો. બરતરશની મકસદ જ્યારે જાહેર થઇ ગઇ ત્યારે તે પસ્તાવો કરીને પોતાની બુરાઇથી પાછળ હટ્યો.

ઝરથુસ્ત્રનાં શરીરને વેદના.

જેવા બીજા દુશમનોને માલુમ પડ્યું કે ઝરથુસ્ત્ર સાહેબ માંદગીને બીછાણે છે ત્યારે તેઓએ તેમને ઝેર આપવાનું કર્યું. બરતરશે નજુમીનો વેષ લીધો અને સીક ઝરથુસ્ત્ર નજીક વહાલું લઇ આવ્યો. ઝરથુસ્ત્રે તરત મામલો પીછાણી લીધો અને પેલું ઝેરી પ્યાલું જમીનપર ઢોળી નાંખ્યું અને કહયું કે "લુચ્ચા દુશમન! તારા વેષ છતાં હું તને ઓળખું છું. તું ચાહે એ રૂપે આવતાંબી હું તને ઓળખીશ. તારી નીશાણીઓ હું હોરમઝદની બશારતથી જાણી શકું છું, જા અને ફરીને એવાં પાપ કરતો ના."

બરતરશે પોતાના સાથીઓને એકઠા કીધા અને ઝરથુસ્ત્ર સાહેબના બાપ પઉરૂશસ્પને પણ પોતાની સંગ્મમાં લીધા કે ઝરથુસ્ત્રનું દરદ સાજું કરવું. એહેલ પઉરૂશસ્પે બરતરશને પોતાને ઘેર ભજન કીધું. ખાણું પછી પઉરૂશસ્પે બરતરશને જણાવ્યું કે "મારા બેટાને જે દવા વડે તું સારો કરવા માંગે છે તે બતાવ." ઝરથુસ્ત્ર બોલી ઉઠ્યા કે "આ લુચ્ચા જાદુગર પાસેથી કશુંબી માગતા ના. જો આ દુષ્ટ આદમીની રાહે તમો જશો તો તમારૂં નુકસાન તમારે હાથેજ તમો કરશો. મારી સલાહ પ્રમાણે ચાલો!" બરતરશ તરત ઉશકેરાઇને બોલ્યો, "તું નાદાન છે. તને મારી શકતીનું હજુ ભાન નથી, તને તે શકતી બતાવું? તું મારી ગીન્નશ કરે છે તો હું દુન્યા સનમુખ તારે સારૂં બુરૂં બોલી તને હલકો પાડીશ. તારાં શીક્ષણનો હું વીરોધી થાઉં છું." ઝરથુસ્ત્રે ગરમ થઇ જવાબ આપ્યો, "તારા જુઠાણાંથી મારૂં બુરૂં થનાર નથી. હું સચ્ચાઇને

વળગી રહીશ એટલે તું તારૂંજ પત ગુમાવશે. તારી તંદુરસ્તીનો નાશ થશે અને તારી શકતી તુટશે. તારા સાથીઓને નાશનો માર્ગ ના દર્શાવ. ” બરતરશ આટલું સાંભળીને ચાલી ગયો. ઝરથુસ્ત્ર સાહેબમાં બાળક છતાં અત્યારથીજ પયગમ્બરની રોશની ચમકવા લાગી.

તે દિવસથી બરતરશની શકતી ઘટવા લાગી ને ત્યારબાદ તેને માંદગી લાગી આવવાથી તે મરણ પામ્યો. મરણ કાંઠે ઝરથુસ્ત્ર સાહેબની બશારત તેણે કબુલ રાખી. પંદર વરસ સુધી આ તરેહના ઝરથુસ્ત્ર સાહેબ ઉપરના હુમલાઓ ચાલુ રહ્યા હતા પણ તેઓ તેથી ડર્યા નહીં.

ઝરથુસ્ત્ર સાહેબ ગુફેનશીન.

પોતે ભકતી કરવા તેમજ પોતાનાં શીક્ષણનો ફેલાવો કેવી રીતે કરવો તેનો ઉંડા વીચાર કરવા પોતે એક ગુફા યા જંગલમાં રહેતા અને ત્યાં મીથ્રની આરાધના કરતા કે જેને આહુરમઝદનું પહેલું સ્વરૂપ કરીને જણાવવામાં આવે છે. આ ગુફા ઉષીદરેન નામના પહાડમાં આવ્યો હતો. અહીંયાં શાંત મનન વખતે તેમને ખુદાઈ બશારત થઈ હતી.

અહીયાં ૩૦ વરસ સુધી તેઓએ પોતાની જીંદગી ગાળી હતી. જયારે પોતે આ ગુફા છોડી બાહેર નીકળતા ત્યારે સઉને—શું અદના કે આલા, શું ગરીબ કે તવંગર—તે સર્વેને સચ્ચાઈનો માર્ગ શીખવતા કારણ કે દરેક ઠેકાણે અજ્ઞાનતાનું અંધારૂં પંથરાયલું હતું. દુષ્ટતા, અપવીત્રતા અને વ્હેમથી દુન્યા ભરપુર હતી. જયાંબી ઝરથુસ્ત્ર સાહેબનો પેગામ સાંભળનારાઓ એકઠા મળતા ત્યાં તેઓ સચ્ચાઈનો રાહ બતાવતા એ રીતે તેઓ વધુ ડહાપણ અને કીર્તી મેળવતા ગયા. એ વખતે એમનો મોટો કાવત્રાંબાજ અને શતરૂ રાજા દરાંસરૂન મરણ પામ્યો હતો અને દેવદરૂજોનો દોર હવે તુટયો હતો.

ઝરથુસ્ત્ર સાહેબનું ઈરાન તરફ ફરવું.

ઝરથુસ્ત્ર સાહેબ હવે ૩૦ વરસની ઉમરના થયા અને પોતે ઈરાન વતન જવા તઈયારી કીધી. માર્ગમાં દર્યો આવ્યો અને પોતાની સાથે કુટુમ્બનાં માણસો હતાં એટલે વહાણ જોઈએ તે ન મળવાથી તેઓ બધાં કીનારેજ થોભી ગયાં પણ જેમ પાછલા કાળમાં ઈસુ ખ્રીસ્તે ગેલીલીના દર્યાને હુકમ કીધો હતો કે "શાંત થા" તેમ ઝરથુસ્ત્ર સાહેબે દર્યાને હુકમ કીધો કે "પાણીની વચ્ચે માર્ગ થા" એટલે પાણી બે ભાગમાં વહેંચાઈ ગયું અને આખું કુટુંબ પેલે પાર પોંહચી ગયું.

માર્ગમાં રાત્રે મુકામ કીધો અને રાત્રે ઝરથુસ્ત્રને એક ખાબ આવ્યો જેમાં તેવણને જણાયું કે પુર્વ તરફથી મોટું લશકર ચઢી આવે છે અને તેમના માર્ગમાં અટકાવ નાંખે છે. જ્યારે પોતે લાચાર થઈ જાય છે ત્યારે દક્ષીણ તરફથી એક બીજું લશકર ચઢી આવે છે અને બન્ને વચ્ચે મારામારી ચાલે છે. મારામારીમાં પુર્વ તરફનું લશકર હાર ખાય છે. એનો અર્થ શો હશે તે જાણવા સારૂ પયગમ્બર સાહેબે ખુદાની બંદગી કીધી. ખુદા તરફથી ગેબી બશારત થઈ કે જે રસ્તો તેવણે ધર્યો હતો તે રસ્તો તેવણે પસંદ કીધો હતો, પણ આ હવે બંધ થઈ ગયા છે અને જે ખુલ્લો હતો તે માર્ગ ખુદા તરફ જવાનો છે; અને જે શીક્ષણ પરવરદેગાર આપશે તેજ શીક્ષણ તેઓ ફેલાવી શકશે. જ્યારે બીજા કુટુમ્બીઓ ખાણીપીણીમાં પડયાં હતાં ત્યારે ઝરથુસ્ત્ર સાહેબ પોતાનો બશારત પામેલો માર્ગ શોધવા એકલા નીકળી ગયા.

દાયતી સરોવરપર ચમત્કાર.

એમ કરતાં દાયતીનાં સરોવર આગળ તેઓ આવ્યા એના ચાર ફાંટા હતા (શું એ ઝરથુસ્ત્ર, હીંદુ, બઉદ્ધ અને ખ્રીસ્તી ધર્મના અલંકારીક રૂપો નહોય?) ફીરેસ્તાઓ તેમની દોરવણી કરતા હતા એટલે તેમને કશી ધાસ્તી નહોતી. ચાર ભાગમાં પાણી વહેંચાઈ ગયાં હતાં તેનું કારણ શું? દંતકથા કહે છે કે તેનું કારણ એમ કે "મજહબ ચાર વખત સજીવન થશે અને ચાર

મહાત્માઓ તે શીખવશે. તે ચાર તે કોહજ નહીં પણ શાહવર-જાવદ; અસ્પન્તમાન હુશીદ્ર: માહ હુશીદ્ર અને સઓષ્યોશ." ઝરથુસ્ત્ર સાહેબ પાણીની સપાટી ઉપરથી ચાલી ગયા અને સામે પાર પ્હોંચ્યા. ત્યાં જઇને બંદગીમાં મશગુલ થાય છે કે અમશાસ્પંદે તેમને દેખાવ દીધો.

હજરત ઝરથુસ્ત્રને થયેલી બશારત.

અમશાસ્પંદે પુછ્યું કે "અય મુસાફર! તારી શી ઇચ્છા છે? ઝરથુસ્ત્ર સાહેબે પાસે ઉંચે જોઇ રોશનીના ઝરા તરફ આંખો કરી કહ્યું કે "હું અહુરમઝદનું ફરમાન શું છે તે જાણવા માંગું છું. હું સત્ય શોધું છું કે જેનો ફેલાવો કુલ જેહાનમાં કરૂં. ઓ ફીરેસ્તા! મારી રાહબરી કર."

અમશાસ્પંદે કહ્યું કે "તારી આંખો બંધ કર અને મારી પયરવી કર."

પછી ઝરથુસ્ત્ર સાહેબને જાણે કોઇ આસ્માની પક્ષી ઉંચે લઇ જતું હોય એમ અંદરથી લાગ્યું. પછી તેઓએ જ્યારે આખીર આંખો ખોલી ત્યારે તેમને જણાયું કે પોતે બહેસ્ત મુકામમાં ફીરેસ્તાઓની મજલીસમાં છે અને પોતે તો જાણે એક છાયા મીસાલજ છે. ૨૪ પગલાં તેઓ આગળ વધ્યા તો ખુદાતાલા કે જે પવીત્ર રોશનીમાં ગરક થઇ બીરાજ્યા હતા ત્યાં તેઓ જઇ પ્હોંચ્યા. ઝરથુસ્ત્ર સાહેબ પોતે પરવરદેગારનાં તખ્ત આગળ નીચે સર ઝુકાવી ઉભા રહ્યા. તેવામાં એક દમદમાટવાળો અવાજ કેહેવા લાગ્યો કે "પુછ! જે પુછવું હોયતે." ત્યારે ઝરથુસ્ત્રે પુછ્યું કે "ખુદાતાલાએ બનાવેલા પ્રાણીઓમાં સઉથી સરસ કયું"? ત્યારે પરવરદેગારે જવાબ દીધો કે "જે દીલમાં સખાવતી છે, જે જ્ઞાન મેળવે છે તે બીજાને આપે છે, જે દરેક જીગરને ખુશાલ રાખે છે, જે બડાઇ અને મગરૂરીને ધીક્કારે છે, જે માણસ અને જાનવર તરફ માયા રાખે છે, જે પાણી અને આતશની આરાધના કરે છે, તે સઉથી સરસ પ્રાણી છે. પણ જે ખુદાતાલાની મરજીને આધીન થતો નથી તેને સજા થશે. જા! જઇને ઇન્સાન જાતને આ શીખવ!"

બીજો સવાલ જે પયગમ્બર સાહેબે પુછયો તે એ હતો કે "પવીત્ર ફીરેસ્તાઓમાં સઉથા પેહેલો કોણ?" જવાબ મલતાં પયગમ્બર સાહેબે સઉ યાદ રાખ્યું. તેવણને શીખવવામાં આવ્યું હતું કે આસમાન તેમજ જમીનપર જે ચીજો હસ્તી ધરાવે છે તે તરફ ખુદા માયા રાખે છે, અને સઉથી બદતર છે તે અહેરેમન છે જેના ચેલાઓ જેહાનમમાં રહે છે અને તેમને દેવો કરીને કહેવામાં આવે છે. એ ઉપરાંત તેમને દરેક સાયન્સ શીખવવામાં આવી હતી કે જેથીં દરેક ડહાપણનું ગ્નાન તેમનામાં આવી રહ્યું. વળી તેમને દુન્યાની દોલત આપવાની લાલચ દેખાડી પોતાના ચેલા બનાવવા બહુ કોશેશ કરી હતી પણ તે સઘળું ફોકટ ગયું.

ઝરથુસ્ત્ર સાહેબને ફીરસ્તાઓ સાથેની મુલાકાત.

પોતે જ્યારે મીનોઇ મનન કરતા હતા ત્યારે ઝરથુસ્ત્ર સાહેબને લાગ્યું કે ખુદાતાલાની બંદગી સઉથી મોતેબર રીતે કેમ થઇ શકે. તેમને જણાવવામાં આવ્યું કે જેમાંથી રોશનીનો ઝરો બાહેર પડે છે તેમાં ખુદાઇ તત્વ રહેલું છે; તેમા ખુદા માલુમ પડશે; તે રોશનીને માર્ગે લોકો ચાલશે; જ્યારે અહુરમઝદનાં ફરમાનો પ્રમાણે ચાલવામાં આવે છે ત્યારે અહેરેમન દુર થાય છે; રોશની સીવાય બીજું વધારે ઉતમ કશું નથી; જ્યારે સર્વે રોશની નહતી ત્યારે અહેસ્ત હસ્તીમાં આવ્યું હતું: દોજખ અંધકારનું ધામ છે; એ મુજબ ખુદાતાલાએ જંદ અવસ્તાના કલામો લખાવ્યા કે જે ઝરથુસ્ત્ર સાહેબે યાદ રાખ્યા. ત્યારબાદ ગુસ્તાસ્પ કને જવાનું તેમને ફરમાન મલ્યું કે જયાં જઇ તેઓ ખુદાના કલમો તેને શીખવે તો દુન્યામાં માઝદયસ્ની દીનનો ફેલાવો થાય. તે વખતે જાદુગરો અને દેવો સામે સાવધ રહેવાને તેમને જણાવવામાં આવ્યું હતું.

આ સમાધીમાંથી તેઓ જ્યારે બેદાર થયા ત્યારે પરવરદેગારનો હુકમ બજા લાવવા તેઓએ કમર કસી. પોતે કામ બજાવીને સમાધીમાં રહેતા અને ફીરેસ્તાઓ સાથે ગોફતેગો ચલાવતા. મેંઢાં બકરાંને ચરાવનારો રખેવાલ ફીરેસ્તો બેહમન કરીને હતો. તેણે પોતાનાં ઢોર હઝરતને સોંપ્યાં અને હુકમ દીધો કે "ગાય ગોસ્પંદોની પરવરશી

કરજે. તેમને મારતો નહીં. ખરેખરો ભરવાડ નીવડજે." આ ગાય ગોસ્પંદ તે માણસજાત છે.

ત્યારબાદ અરદીબેહેસ્ત અમશાસ્પંદ નજરે આવ્યા કે જે આતશની રખેવાળી કરે છે. તેણે ઝરથુસ્ત્રને હુકમ કીધો કે "આતશ-બહેરામો, આદરાનો બાંધજે અને શાહ ગુસ્તાસ્પની પનાહમાં તે સોંપજે. તે આતશપર પાણી કે ખાક પડે નહી તેની નેગાહ રાખજે અને લાકડાં કે સુખડ વડે તે આતશને સદા જાગરૂત રાખજે. આતશ અહુરમઝદની રોશની આ દુન્યામાં છે, તેથી ગરમી મળેછે, અંધકાર દુર થાય છે; માટે ઓ પરવરદેગારના પયગમ્બર! આતશની સદા જાળવણી કરજે!" આટલું બોલીને અરદીબેહેસ્ત યઝદ બે માલુમ થયા.

શહેરીવર અમશાસ્પંદે જણાવ્યું કે "દરેક લડવઇયાએ પોતાનાં હથીયારો તેજ રાખવાં અને પોતાના દેશના બચાવમાંજ માત્ર વાપરવાં."

અસ્પન્દારમદે સલાહ આપી કે "ઘરની આસપાસ કશો પણ કચરો કે ગંદકી કરવી નહીં, ઘર આગળથી કચરો દુર કરવો અને તેમ કરવાથીજ ધરતી ફળદ્રુપ બનશે."

પછી ખુરદાદ અમશાસ્પંદના દીદાર થયા. તેણે પયગમ્બર સાહેબને પાણી, નદી, નાળાં વીગેરે સોંપ્યાં; અને જણાવ્યું કે ઇન્સાનને શીખવવું કે આ પાણી વડે ખેતરો અને વાડીઓમાં નેહેરો ખોદીને તેમને ફળદ્રુપ બનાવવાં, પાણીથી ઇન્સાન, જાનવર સઘળાં ઝાડપાનને જીંદગી મળશે. ચોખ્ખાં પાણીમાં કચરો નાંખવો નહીં કે મુડદાં નાંખવાં નહી." આટલું બોલીને ખુરદાદ પણ બેમાલુમ થયો.

અમરદાદ ફીરસ્તાએ આવીને પછી મઝહબ, ઇન્સાફ, પવીત્રતા વીષે ઝરથુસ્ત્ર સાહેબને એલમ આપ્યો.

આટલું શીખ્યા પછી પયગમ્બર સાહેબે પોતાના મજહબનો ફેલાવો કીધો અને ઇન્સાન જાત જે અંધકાર, અજ્ઞાનતા અને પાપમાં તરફડયાં મારતી હતી તેની મુકતી કીધી. ત્યારપછીની કથા તવારીખી છે. પણ માઝદયસ્નની દીનના ચડતા તબકકામાં તે કુલ જેહાનનો ધર્મ હતો જેમાંથી બીજા ધર્મો પણ જન્મ પામ્યા હતા. તેનો શીખવનારો મહાન પયગમ્બર અશો ઝરથુસ્ત્ર હતો. તેવણનું મરણ કેમ નીપજ્યું વીગેરે બાબદોનો અહેવાલ પુરતો નથી.

અશો ઝરથુસ્ત્રના મુળ મજહબી નીયમો.

ઝરથુસ્ત્ર સાહેબે જે કાંઇ શીખવ્યું તે શ્લોકના રૂપમાં હતું અને તે ૨૧ નુસ્કમાં એટલે પ્રકરણોમાં હતું. જે ૨૧ નુસ્ક તે યથ અહુવઇર્યોના પવીત્ર કલામોમાં સમાઇ જાય છે. આ શ્લોક લાખ ઉપર હતા અને તેમાં વીદ્યા, હુન્નરકળા, સાયન્સ, ધર્મ, નીત વીગેરે સઘળું સમાઇ જાય છે પણ જ્યારે સેકન્દરે અને ત્યારબાદ મોહમેદીઆનોએ પરસીપોલીસ બાળીને ફના કીધું ત્યારે આ જળવાઇ રહેલું ફના થયું અને જે કાંઇ રહ્યું તે ગાથા અને અરદશીર અને નોશેરવાનના જમાનામાં એકઠા થયલા સાહીત્યના થોડાક ભાગ. એ વાંચતાં આપણને રોશન થાય છે કે ઝરથુસ્ત્ર સાહેબના મુળ મજહબી નીયમો બે મુખ્ય કલામોમાં સમાઇ જાય છે જે વોહુમનો=ભલું મન છે અને અષ એટલે અશોઇ છે જેનો અર્થ એમ થાય છે કે એવી તરેહની જીંદગી ગાળવી કે કુદરતના કાયદાનું ભંગાણ નહી થાય અને માણસના આત્માને મોટામાં મોટું સુખ હાંસલ થઇ શકે. વળી પયગમ્બર હઝરત જણાવે છે કે આ ખલકતમાં સ્પેન્તોમઇન્યુશ અને અંગ્રેમઇન્યુશ એ નામની બે અણદીઠ શકતીઓ માણસ જાત ઉપર ચલાવે છે.-પેહલાના પવીત્ર રાહ ઉપર ચાલ્યાથી નેકી અને સચ્ચાઇની બક્ષેશ થાય છે જ્યારે બીજાના માર્ગ ઉપર જવાથી ગુમરાહી દાખલ થાય છે.

પયગમ્બર સાહેબ પોતાના કલામોમાં વોહુમન અને સ્પેન્તો-મઇન્યુશના માર્ગની બક્ષેશ માંગે છે તેમ આપણે કે જેઓ તેઓ સાહેબના દીનના આલેશ માનનારા છીએ, તેઓએ પણ આજના પવીત્ર રોજે તેવી બક્ષીશ દાદાર કનેથી માંગીશું! આજના નેક દીવસે કે જ્યારે તેઓ સાહેબનું મરણ થયું હતું તે દીવસે તેવ-ણની દીન અને તેનાં ઉપલાં ફરમાનો યાદ કર્યે અને તેમને પગલે ચાલીએ તો તેમના દીસાનો ઉત્સવ પુરેપુરી સારી રીતે પાળેલો કહેવાય. હજારો આફ્રીન હોજો તેનાં રૂહને!!!